**આંક -91**

| | | |
|---|---|---|
| સેશન્સ કેસ નંબરઃ- 65/2022 | | |
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૧૨ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | મેહુલજી નારણજી ઠાકોર | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9978823156 |
| ઉંમર આશરે | ૩૨ | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | રાણપુર તા. ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા |

(૧) હું આઠ ધોરણ સુધી ભણેલો છું અને હાલમાં હુ ખેતીનો ધંધો કરુ છું. બનાવને ચાર વર્ષ જેટલો સમયે થયેલો છે. બનાવ સમયે હુ મારા ફાર્મ હાઉસ ઉપર હતો. તે સમયે કાંતીભાઈએ ફોન કરેલ અને કહેલ કે પોપટભાઈનું મર્ડર થયેલ છે. આ સમાચાર મળતા હું મારુ બાઈક લઈને ડીસા પોલીસ સ્ટેશન આવેલો અને કાંતીભાઈ ગાડી લઈને પોલીસ સ્ટેશન આવેલા અને હું સીવીલ હોસ્પિટલ ડીસા ગયેલો અને ત્યાં જઈને જોયુ તો પોપટને ડોકટર સાહેબને મરણ જાહેર કરેલા હતા અને તે સમયે કનુભાઈ સીવીલ હોસ્પિટલમાં આવી ગયેલા હતા અને મે તેમને પુછેલુ કે પોપટ કઈ રીતે ગુજરી ગયેલ તો તેમણે જણાવેલ કે રણજીતનો પોપટભાઈ પર ફોન આવેલો હતો અને પોપટને કહેલ કે પ્રાથમિક શાળા હનુમાનના મંદિર પાસે આવ, ત્યારબાદ આ સાંભળીને પોપટભાઈનો ભાઈ કનુભાઈ રડવા લાગેલો અને ત્યારબાદ કનુભાઈને સગા સબંધીઓને ફોન કરીને બોલાવેલા. કનુભાઈએ મને વાત કરેલ કે પોપટને તિક્ષ્ણ હથિયારથી મારવામાં આવેલ છે, જે હથિયાર તેના પેટ ઉપર અને પાછળના ભાગે મારેલ છે કનુભાઈએ આ વાત મને કરેલી.

**સરતપાસ પુરી.**

**<u>આરોપી ઉલટ તપાસ તરફે વિ.વ.શ્રી. આર.એન.ચૌધરી...</u>**

(૨) એ વાત ખરી છે કે પરાગજી કોનાજી અને લાખાજી કોના સગા બે

સાહેદની સહી............................

ભાઈઓ છે. એ વાત ખરી છે કે લાખાજી કોનાજીના દિકરા ચેલાજી મારા દાદા થાય છે. એ વાત ખરી છે કે આ પરાગજી કોનાજીના દિકરા મોહનજી મરણજનાર પોપટજીના દાદા થાય છે. એ વાત ખરી છે કે એ રીતના અમો કુટુંબી ભાઈઓ થઈએ છીએ. એ વાત ખરી છે કે સોમાજી ફતાજી, જોરાજી રત્નાજી, અરવિંદજી અગરાજી, કાંતીજી હરીજી, મુકેશજી પસાજી, કીરણજી બાબુજી અને બાબુજી રાણાજી એ બધા અમે અને મરણજનાર કુટુંબી ભાઈઓ થઈએ છીએ. એ વાત ખરી છે કે પોપટજીએ અમોને મરણજનાર ઉપર જે રણજીતનો ફોન આવેલાની હકીકત જણાવેલી તે કયા રણજીતનો ફોન આવેલો તે જણાવેલ નહી. એ વાત ખરી છે કે આ ફોન પોપટજીની હાજરીમાં આવેલો તેવી હકીકત પોપટજીએ અમને જણાવેલ નહી. એ વાત ખરી છે કે આ બનાવ અમોએ નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે મરણજનારનું મૃત્યુ કેવી રીતે નિપજયુ છે તેની પણ અમને જાતમાહીતી નથી. એ વાત ખરી છે કે અમારા ગામમાં રણજીત નામના ઘણા બધા માણસો છે.

**વિશેષ ઉલટતપાસ નથી.**
**ફેર ઉલટતપાસ નથી.**
**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૨૪-૦૨-૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠ્ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી............................